# યુવા પ્રવાસીઓ માટે MEA નો ફ્લેગશિપ 'Know India Programme' ના 20 વર્ષ પૂર્ણ થાય છે

29 ડિસેમ્બર, 2023

સેક્રેટરી (CPV અને OIA) શ્રી મુક્તેશ કે. પરદેશીએ આજે વિદેશ મંત્રાલય ખાતે આયોજિત એક કાર્યક્રમમાં Know India Program (KIP) ની 70મી આવૃત્તિના સમાપન સત્રને સંબોધિત કર્યું. 11 - 29 ડિસેમ્બર, 2023 દરમિયાન યોજાયેલા 70મા Know India Program માં ફિજી, મોરેશિયસ, ત્રિનિદાદ અને ટોબેગો, સુરીનામ, શ્રીલંકા, દક્ષિણ આફ્રિકા, મ્યાંમાર, મલેશિયા અને કોલંબિયાના 34 સહભાગીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

2. Know India Program ના નોંધપાત્ર સીમાચિહ્નરૂપ 20 વર્ષ પૂર્ણ થયા છે, જેથી તે ભારત સરકારના સૌથી લાંબા સમય સુધી ચાલતા પ્રવાસી જોડાણ કાર્યક્રમોમાંનો એક કાર્યક્રમ બની રહ્યો છે. આ કાર્યક્રમ 2003 માં શરૂ કરવામાં આવ્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય પ્રવાસી યુવાનો અને તેમના પૂર્વજોના વતન વચ્ચે ગાઢ જોડાણને પ્રોત્સાહન આપવાનો હતો. ત્રણ સપ્તાહનો કાર્યક્રમ ડાયસ્પોરા યુવાનોને ભારતના ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસા સાથે આધુનિક ભારતના વિકાસ અને ઉન્નતિનો પરિચય કરાવે છે.

3. 20 વર્ષમાં, 53 દેશોના 2513 PIO યુવાનોએ વિવિધ KIP આવૃત્તિઓમાં ભાગ લીધો છે, જેમાં દક્ષિણ આફ્રિકા, ફિજી, મોરિશિયસ, ત્રિનિદાદ અને ટોબેગો, ગયાના, સુરીનામ, મ્યાનમાર, ઓસ્ટ્રેલિયા, ઇઝરાયેલ, ફ્રાન્સ, મલેશિયા, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, રિયુનિયન આઇલેન્ડ, શ્રીલંકા, કેનેડા, યુનાઇટેડ કિંગડમ અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના પ્રવાસીઓએ મોટી ભાગીદારી નોંધાવી છે.

4. Know India Program તમામ દેશોના ભારતીય મૂળના (21-35 વર્ષના) વ્યક્તિઓ માટે ખુલ્લો છે, જેમાં ગિરમીટિયા દેશોના યુવાનોને પ્રાધાન્ય આપવામાં આવે છે. કાર્યક્રમના ભાગરૂપે પસંદ કરાયેલા સહભાગીઓને રિટર્ન એર ટિકિટો (હવાઇભાડાની કિંમતના 10% ખર્ચ સહભાગીઓને માથે) અને સ્થાનિક સુવિધા સહિત બોર્ડિંગ/લૉજિંગ અને પરિવહનની સેવા આપવામાં આવે છે.

5. કાર્યક્રમના કેટલાક મુખ્ય ઘટકોમાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વના સ્થળોની મુલાકાત; યોગ, આયુર્વેદ અને સંગીત અને નૃત્યના શાસ્ત્રીય સ્વરૂપોનો પરિચય; ભારતની સંસદ, ચૂંટણી પંચ, રાષ્ટ્રપતિ ભવન જેવી લોકશાહી અને શાસનની સંસ્થાઓની મુલાકાત; અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે ક્રિયાપ્રતિક્રિયા; ડિજિટલ ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને મેક ઈન ઇન્ડિયા જેવી ફ્લેગશિપ થકી આર્થિક અને વિકાસ યોજનાઓનો પરિચય; અને ઉત્પાદન અને સેવા ક્ષેત્રે ભારતની તાકાતને ઉજાગર કરવા ઔદ્યોગિક સ્થળો, જાહેર અને ખાનગી કંપનીઓની મુલાકાતનો સમાવેશ થાય છે.

6. 71મો Know India Program 03-19 જાન્યુઆરી 2024 દરમિયાન આયોજિત કરવામાં આવશે.

**નવી દિલ્હી**
**29 ડિસેમ્બર, 2023**